# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૮
સૂર્યાસ્ત : ૦૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૪૦.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૨૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ :૧૦.૦૦,૧.૩૦, ૪.૩૦, ૭.૩૦,૧૦.૩૦
**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ :૧૧.૧૫,૨.૩૦,૧૦.૩૦
એજન્ટ વિનોદ : ૫.૩૦
બ્લડ મની : ૮.૩૦
**સ્ક્રીન-૪ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧૦.૩૦
બ્લડ મની : ૧૨.૧૫, ૫.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫, ૭.૩૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૮.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯. ૩૦
વર્થ ઓફ ધ ટાઈટન્સ- ૩ડી(હિન્દી) : ૧૨.૦૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨: ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૮.૧૫, ૧૧.૧૫, ૫.૪૫, ૯.૦૦
કહાની : ૨.૩૦
**સ્ક્રીન-૪ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૫, ૭.૩૦
કહાની : ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

હાઉસ ફુલ ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મમી સિંદબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- સવારે ૧૧.૦૦ કલાકે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક કાર્યક્રમ.

### ટાઉન હોલ

- રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા મોસમ પર આધારિત "ચૈતર વૈશાખના વાયરા" ગુજરાતી લોક પ્રિય ગીત-સંગીતનો કાર્યક્રમ રાત્રે ૯.૦૦ કલાકે કાર્યક્રમ.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** વ્યાપારિક ક્ષેત્રમાં કોઈ મોટુ સાહસ કરવું હોય તો કરી શકાય. કોર્ટ બાબતના પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય.

**વૃષભ :** નોકરીયાત વર્ગ માટે આ દિવસ શુભ દાયિત્વ બની રહે. ધંધાર્થી વર્ગ માટે ઉન્નતિના માર્ગ માટે સહાયતા મળે. વિવાદાસ્પદ ભૂમિકાથી દુર રહેવું.

**મિથુન :** વાહન ચલાવતા ધ્યાનસ્થ રહેવું. તે આપના માટે હિતકારક છે. સામાજિક ચિંતા હળવી બને. ભૌતિક સુખ માટે આગવી પ્રતિભા પ્રાપ્ત થાય.

**કર્ક :** કાયદાકીય રીતે ગૂચવાયેલ પ્રશ્નોનું સમાધાન થાય. સંતાન સબંધિત ચિંતાઓ દુર થતી જણાય. આપના કાર્યક્ષેત્રે સમય પ્રગતિકારક બની રહે.

**સિંહ :** સ્વાથ્ય સબંધિત સુખાકારી જળવાઈ રહે. ગૃહસ્થાશ્રમ તરફ જનારા યુવક-યુવતીને જીવન સાથી માટે પસંદગી માટે શુભ સમય કહેવાય. યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**કન્યા :** સંતાન સબંધિત પ્રતિકુળતા જણાય. સામાજિક આપત્તિ આવવાનો અણસાર મળે અને જવાબદારીઓના ભાર નીચે દબાતા આર્થિક વ્યય થતો જણાય.

**તુલા :** જુના મિત્રો- સ્નેહીજનોને મળવાની ઈચ્છામાં પરિપૂર્ણતા જણાય. આપનો આ સમય ખુબ આનંદોત્સવ અને કાર્ય સિધ્ધિમાં પૂર્ણતા આવે.

**વૃશ્ચિક :** આજીવિકા ક્ષેત્રે નવા આર્થિક વૃધ્ધિના પરિબળો સાકાર થતા જણાય. આવક કરતાં જાવકમાં વધારો ન થાય તેની કાળજી લેવી.

**ધન :** ભાગ્યોદયમાં ઉજ્જવળતાના ચિહ્નોના દર્શન થાય. નિરાશા જનક પરિસ્થિતિમાં રાહત મળે અને વિલંબિત થયેલા કાર્યમાં ઉકેલ આવે.

**મકર :** સ્વાસ્થય બાબતે વડિલ વર્ગ તરફથી આકસ્મિત નાણાંકીય ખર્ચ આવવાની શકયતા જણાય. નોકરીયાત વર્ગને ઉપલા અધિકારીઓથી સાચવવું. વાદ વિવાદમાં ન ઉતરવું.

**કુંભ :** સામાજિક ક્ષેત્રમાં કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ આવી જાય. ભૌતિક ક્ષેત્રમાં સુખ સમૃધ્ધિમાં વૃધ્ધિ થતી જણાય. સમય શુભ.

**મીન :** ગૃહસ્થાશ્રમના વાતાવરણમાં સુમેળતા જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠાનો પ્રશ્ન - ચિંતા જનક બની રહે. આકસ્મિક ધન લાભ થાય.

## ચિરવિદાય

- સ્વ. લાલસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા (ઉ.વ. ૪૨) મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. વિનોદરાય વિઠ્ઠલદાસ લાડાણી (ઉ.વ. ૫૭) પ્લોટ નં. ૭૩૧ સોમેશ્વર સોસાયટી, સેકટર- ૨૭, ગાંધીનગર

# દેલવાડા ગામે જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગરે ચશ્મા વિતરણ કાર્યક્રમ યોજ્યો

ગાંધીનગર, તા. ૧૦

જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર અને જાયન્ટ્સ ગૃપ ઓફ અમદાવાદ નોર્થ સાહેલી દ્વારા તા. ૨૪મી માર્ચના રોજ માણસા તાલુકાના દેલવાડા ગામે નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરેલ હતું. આ કેમ્પ દરમ્યાન ૩૯૬ લાભાર્થીઓએ આંખની તપાસ કરાવી હતી. જરૂરીયાતમંદને ટોકન દરે ચશ્મા આપવામાં આવેલ હતાં. અને તે પ્રમાણે બંન્ને જાયન્ટ્સ ગૃપ અમદાવાદ ખાતે આંખોના ચશ્માના નંબર મુજબ ચશ્મા બનાવડાવેલ હતા. આ ચશ્માનું વિતરણ તા. ૮મી એપ્રિલના રોજ દેલવાડા ગામે રાખવામાં આવ્યું હતું.

દેલવાડાના વૃદ્ધો તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત એવા લાભાર્થીઓને ચશ્મા મેળવ્યા બાદ ચશ્મા પહેરીને સારું દેખાવાથી ખૂબ જ આનંદ અનુભવ્યો હતો.

ચશ્મા વિતરણ યજ્ઞમાં જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગરના પ્રમુખશ્રી સાંકાભાઈ પટેલ, ઉપ-પ્રમુખશ્રી બાબુભાઈ એમ. પટેલ, પાસ્ટ પ્રેસીડેન્ટ શ્રી ડાહ્યાભાઈ ટી. પટેલે હાજરી આપી હતી. દેલવાડાના સેવાભાવી કાર્યકર શ્રી સમીરભાઈ પટેલ, જ્યતિભાઈ પટેલ, વગેરે સારો સહકાર આપેલ હતો.

# નગરના પ્રશ્નોના નિકાલ માટે ગાંધીનગર નાગરિક સેવા સમિતિની રજૂઆત

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નાગરિક સેવા સમિતિના પ્રમુખશ્રી નવીનચંદ્ર સોનેરી, મંત્રીશ્રી પી.જે. સુશીલે એક અખબારી યાદીમાં જણાવેલ છે કે ગાંધીનગર શહેરના વણ ઉકેલ્યા પ્રશ્નોનું નિરાકરણ થયું નથી. જેની રજૂઆત મહા મહિમ રાજ્યપાલશ્રી કમલા બેનીવાલ, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા સંબંધિત વિભાગોને લેખિતમાં રજૂઆત કરેલ છે.

ગાંધીનગર શહેરના વન ઉકેલ્યા પ્રાણપ્રશ્નોની નીચેના વિભાગોમાં પડતર રહેલ છે.

બાંધકામ વિભાગમાં કર્મચારીઓને પ્લોટ ફાળવવા, તેમજ સરકારી મકાનો જે ભંગાર હાલતમાં પડી રહેલ છે તે કર્મચારીઓને સહાયના દરે આપવા.

ગાંધીનગરમાં પ્લોટની હરાજી થઈ નથી. આવા પ્લોટ હરાજી કરીને વેપારીઓને, જરૂરીયાતવાળાઓને પ્લોટ ફાળવવા જોઈએ. ઝુંપડાવાસીઓને હાઈકોર્ટના આદેશ મુજબ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવી. સેકટર-૬માં રેન બસેરાની કામગીરી તાત્કાલિક શરૂ કરવી.

ગાંધીનગરના અસરગ્રસ્તોને ફાળવેલ દુકાનો ભાડાપેટે આપેલ છે. તેઓને માલિકી હક્ક આપવો, રીક્ષાઓ માટે રીક્ષા સ્ટેન્ડ ફાળવવા પણ રજૂઆત કરેલ છે. ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ચિંતા જનક રીતે કથળી રહી છે. તો સલામતી અનુભવાય તે માટે કડક પગલાં લેવા માટે માંગણી કરેલ છે.

ખાદ્ય તેલ, આવશ્યક જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવો પર નિયંત્રણ લાવવા માટે સરકારે પગલાં લેવા માટે માંગણી કરેલ છે. ગાંધીનગરમાં પુરતા ફોર્સથી પાણી આપવાની રજૂઆત પણ કરી છે.

સેકટરોમાં બંધ રહેલ સરકારી દવાખાના ચાલુ કરવા માટે માંગણી રજૂ કરી છે. ફીક્સ પગારથી નિમણુંક કર્મચારીઓને હાઈકોર્ટના ચુકાદાનો અમલ કરવા માંગણી કરેલ છે. સરકારી વિભાગોમાં ખાલી પડેલ જગ્યાઓનો બેકલોગ ભરવા માટે પણ રજૂઆત કરેલ છે.

દલિત તથા બક્ષીપંચના બાળકોને શિષ્યવૃત્તિમાં વધારો કરવાની તાતી જરૂરિયાત છે અને નિયમિત શિષ્યવૃત્તિ મળે તેવી કાર્યવાહી કરવી જાઈએ. શહેરી વિકાસના , ઉર્જા, વાહન વ્યવહારના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરેલ છે.

## ગાંધીનગર સ્થિત નાયી- વાળંદ સમાજની આજે બેઠક

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર સ્થિત ઉત્તર ગુજરાત લિમ્બચ સેવા સંઘના સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યો, સેકટર-૨ લિમ્બચ પરિવાર તેમજ ગાંધીનગરમાં વસતા નાયી વાળંદ સમાજના તમામ આગેવાન સભ્યોની એક અગત્યની તાકીદની બેઠક તા. ૧૧ના રોજ સાંજે ૬.૦૦ કલાકે સેકટર-૬/સી, પ્લોટ નં. ૧૦૬૦/૧ ખાતે યોજવામાં આવશે. જેમાં સર્વ જ્ઞાતિબંધુઓને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

## અનુસુચિત જનજાતિના અરજદારોએ ગરીબ કલ્યાણ મેળામાં લાભ મેળવવા બાબત

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર વસતા અનુસૂચિત જાતિ, આદિજાતિના જરૂરીયાતમંદ અરજદારોને ગરીબ કલ્યાણ મેળામાં વિવિધ યોજનાઓનો લાભ આપવાનું આયોજન કરેલ છે. તો અનુસૂચિત જાતિના, આદિજાતિના ઈસમોએ આદિજાતિ કોમ્પ્યુટર તાલીમ કેન્દ્ર, બ્લોક નં. ૧૫૩, સેકટર- ૧૨નો સંપર્ક સાધવા જણાવવામાં આવેલ છે.

## આદરજ મોટી ખાતે યુવક કોગ્રેસનો અભિવાદન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

૮ અપ્રિલ ૨૦૧૨ના રવિવારે ગાંધીનગર લોક સભા યુથ કોગ્રેસ તરફથી ચૂંટાયેલા પ્રતિનિધિઓનો સત્કાર સમારંભ યોજાયો હતો. તેમાં સંગઠનલક્ષી કામગીરીની પણ ચર્ચા કરવામાં આવેલી હતી.

આ ઉપરાંત આદરજ મોટી ગામે પણ આવોજ એક સત્કાર સમારંભ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં માણસા વિધાનસભામાં ચૂંટાયેલા સભ્યશ્રી બાબુજી ઠાકોર, યુથ કોગ્રેસના પૂર્વ પ્રમુખ ઈન્દ્રસિંહ ગોહિલ, ગાંધીનગર લોકસભા યુથ કોગ્રેસના પ્રમુખ શ્રી જયદિપસિંહ ઠાકોર, કોર્પોરેટર હર્ષજીતભાઈ પંડ્યા, અંકિતભાઈ બારોટ, ગાંધીનગર વિધાનસભા મહામંત્રી નરેશભાઈ ઠાકોર, મોટી આદરજ ગામના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા.

## શેરથામાં ૧૪મીથી કન્હૈયાલાલજી મહારાજની શિવ મહાપુરાણ કથા યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

મુક્તિધામ, સ્મશાન ગૃહ વિકાસ કમિટી શેરથા આયોજિત શરેથાના સરદાર ચોકમાં શ્રી શિવ મહાપુરાણ કથા પ્રખર વક્તા પરમ પૂજ્ય શ્રી શિવ ભક્ત કન્હૈયાલાલજી મહારાજના વ્યાસ પીઠે તા. ૧૩મી એપ્રિલના રોજ યોજાશે અને પૂર્ણાહૂતિ તા. ૨૧મી એપ્રિલના રોજ થનાર છે.

તા. ૧૩મી એપ્રિલના રોજ સાંજે ૪ વાગ્યે શ્રી પુરૂષોત્તમ મોતીદાસ પટેલના નિવાસસ્થાને પોથીયાત્રા તથા શોભાયાત્રાનું પ્રસ્થાન થશે. તે જ દિવસે વ્યાસપીઠ પર અમૃતવાણીનો લાભ પીરસનાર પરમપૂજ્ય શ્રી કન્હૈયાલાલજી મહારાજને આમંત્રિતોનું સન્માન થશે. તા. ૧૪મીએ શક્તિ પ્રાક્ટ્ય, તા. ૧૫મી શિવવિવાહ, કાર્તિકેય, ગણેશ, ગંગા અવતરણ, હનુમાનજી પ્રાગટ્ય અને દ્વાદશ જયોતિર્લિંગ પ્રાગટ્ય સમગ્ર શિવ મહાપુરાણ કથા દરમિયાન થશે.

સુભદ્રાબેન તથા પુરૂષોત્તમદાસ પટેલ પરિવાર મુખ્ય યજમાન રહેશે. સપ્તાહ દરમિયન દૈનિક યજમાનશ્રીઓ પણ રહેશે. મોક્ષદૃષ્ટા, ઓરડી તથા ચબૂતરો અને પાણી પરબ બનાવવા માટે દાનો મળેલ છે.

## પેથાપુર ગામમાં પરિણિતાની આબરૂ લેવાનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૦

પેથાપુર વિસ્તારમાં વહેલી સવારે શૌચક્રીયા અર્થે જતી પરિણિતાની આબરૂ લેવાનો પ્રયાસ કરાયો હોવાની ફરિયાદ પેથાપુર પોલીસમથકે નોંધાયો છે. પેથાપુરમાં રહેતી પરિણિતા ગઈકાલે સવારે ૬ વાગ્યાના અરસામાં હાજતે જવા નીકળી હતી તેવા સમય દરમિયાન ગામમાં રહેતા આરોપી ભુદા ભરતસિંહ વાઘેલાએ તેણીને ઉભી રાખી ઝપાઝપી કરીને નીચે પાડી દઈને પરિણિતાની લાજ લેવાની કોશિષ કરી જ્યારે આરોપીએ પરિણિતા સાથે ઝપાઝપી કરતા તેણીને જમણા હાથે ઈજાઓ થવા પામી હતી. એકલતાનો લાભ ઉઠાવી પરિણિતાની આબરૂ લેવાની કોશિષ કરનાર શખ્સ વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સેકટર-૨ના આંતરિક રસ્તાઓ સુધારવા માંગ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સેકટર-૨ના આંતરિક રસ્તાઓ છેલ્લા ઘણા સમયથી તૂટી ગયા છે. સેકટરની સોસાયટીના અંદરના રસ્તાઓ પણ ખાડા-ખડીયાવાળા અને અણઘડ થઈ ગયા છે. તૂટી ગયા છે. આ સેકટરમાં કેટલીક જગ્યાએ રીપેરીંગ કાર્ય થયું છે જયારે અન્ય જગ્યાએ રીપેરીંગ કામ બાકી છે તો વાહન ચાલકોને રસ્તા સંદર્ભે ઘણી તકલીફો અનુભવાય છે. તંત્ર આ બાબતે યોગ્ય કામગીરી શરૂ કરે તેવી સૌની માંગ છે. સ્થાનિક જનોએ રસ્તા સુધારવાની સાથે સાથે પોસ્ટ બોક્ષ અને જરુરી વળાંકો પાસે બમ્પ મૂકવા માંગણી કરી છે. ઉનાળાની ગરમી સાથે સેકટર-૨ના વૃક્ષો સૂકાઈ રહ્યા છે. ફોરેસ્ટ ખાતા દ્વારા વાવેલા વૃક્ષોને પાણીની વ્યવસ્થા કરાવી રોજ તેને પીવડાવવામાં આવે તો વૃક્ષો સૂકાય નહીં અને લીલોતરી જળવાઈ રહે.

## હવા પ્રદૂષણનાં પરિબળોની ઓળખ માટે સુધારા સૂચનોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત પર્યાવરણ વ્યવસ્થાપન સંસ્થાનના નિયામકશ્રી ડૉ. સંજીવ ત્યાગીના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવનાર પ્રોજેકટ ઓન સોર્સ અપોરસમેન્ટ સ્ટડી ઈન અમદાવાદ હવા પ્રદૂષણના જુદા જુદા પરિબળોની ઓળખ કરીને તેમાં સુધારાત્મક પગલાં લેવાના સચોટ સુચનો સહિત અહેવાલ તૈયાર કરવા માટે ગાંધીનગર ગેમીના સમીક્ષકમાં વિશેષજ્ઞોની બેઠક યોજાઈ હતી.

ગેમીના પર્યાવરણ ઈજનેરશ્રી કામીની પ્રજાપતિને પ્રાસંગિક પ્રવચન કરેલ હતું. આ બેઠકમાં સેપ્ટ સીઈપીટી યુનિવર્સિટીના પ્રા. શ્રી અશ્વનીકુમાર, એલ.ડી.એ એન્જી. કોલેજના પ્રા. શ્રીમતી હેના સૈયદ, ગુજરાત યુનિવર્સિટીના પર્યાવરણ વિજ્ઞાન વિભાગના પ્રા. ડૉ. નિશા શાહ, વન વિભાગ અમદાવાદના નાયબ વન સંરક્ષક શ્રી જાની, પ્રાદેશીક કચેરી જી.પી.સી.બી.ના પ્રદેશિક અધિકારીશ્રી એ.એ. દોશી, શ્રીમતી નેહલ અજમેરી, નાયબ પર્યાવરણ ઈજનેર એન.સી.ડી. બેકના રીઝનલ ડાયરેકટર, ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડૉ. પરિમલ જીવરાજીની સહિત પર્યાવરણ ક્ષેત્રે કામ કરતા ઈજનેરોએ ભાગ લઈ સુચનો આગામી દિવસોમાં ઉપરોકત પ્રોજેકટને મૂર્તિમંત કરવા માટે વન અને પર્યાવરણ વિભાગ સહિત જુદા જુદા હિત ધારકો રાજતંત્રના કાર્યાલયો, શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્ય શિબિર યોજીને હાલની ગુણવત્તામાં વધુ સુધારા સુચવવા પગલાં સુચવવામાં આવશે.

## ગાંધીનગર જિલ્લા દલિતસેનાની બેઠકમાં લોક અધિકાર યાત્રા યોજવા નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા દલિત સેનાની બેઠક તાજેતરમાં જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાના અધ્યક્ષ સ્થાને ડૉ. આંબેડકર ભવનના સમિતિ ખંડ ખાતે મળી હતી. બેઠકમાં દલિત સેનાના કાર્યકર સ્વ. મનસુખભાઈ પી. પરમારના સ્વર્ગવાસ સંદર્ભે શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી તથા જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ ગાંધીનગર શહેરના પ્રશ્નોની, મોંઘવારી, ભ્રષ્ટાચારની વેધક રજૂઆતો કરી ગુજરાતમાં આ સંદર્ભે 'લોક અધિકાર યાત્રા' દરેક જિલ્લામાં ફેરવી આક્રોશ રજૂ કરવા જણાવ્યું હતું.

બેઠકની શરૂઆતમાં દલિતસેનાના કાર્યકર સ્વ. મનુભાઈ પી. પરમારનું તાજેતરમાં થયેલા દુઃખદ અવસાન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. તથા જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ મોંઘવારી, ભ્રષ્ટાચાર, દલિતો પર થતા અત્યાચાર, ગાંધીનગર શહેરના પ્રશ્નો, વીજળી, પેટ્રોલમાં સતત વધારો વગેરે પ્રશ્નોને લઈ દલિતસેના ગુજરાતમાં 'લોકઅધિકારયાત્રા' દરેક જિલ્લામાં ફેરવી આક્રોશ રજૂ કરશે. તેમજ ભાવિ કાર્યક્રમ તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મજયંતીની ઉજવણી ભવ્ય રીતે કરવા કાર્યકરોને હાંકલ કરી હતી. આ બેઠકમાં હોદ્દેદાર દિનકરભાઈ પરમાર, રેવનદાસ સાધુ, મોહન બાલુવાકર, પી.એમ. પરમાર, મોતીરામ બાપુ, કાળીદાસ સાધુ, રમણભાઈ પરમાર, પુષ્પાબેન ડોડિયા વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ કલોલ તાલુકા પ્રમુખ રમણભાઈ ડી. પરમારે કરી હતી.

# ગાંધીનગર જિલ્લામાં છઠ્ઠી મેથી કૃષિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

રાજયનો આઠમો કૃષિ મહોત્સવ-૨૦૧૨ તા.૬ મે-૨૦૧૨ થી શરૂ થશે. કુલ-૩૦ દિવસ સુધી કૃષિ મહોત્સવ યોજાશે. કૃષિ મહોત્સવમાં કૃષિ રથની થીમ તાલુકાના સ્થાનિક પાકોને અનુરૂપ રહેશે. જિલ્લા કક્ષાએથી દરેક તાલુકાની થીમ નક્કી કરવામાં આવશે. કૃષિ મહોત્સવને વધુ રસ-દ બનાવવા માટે રાતના સમયે સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપતા અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાશે.

કૃષિ મહોત્સવ-૨૦૧૨નું આયોજન જિલ્લાની તાલુકા પંચાયત સદસ્યની બેઠક મુજબ કલ્સ્ટરવાઈઝ બેઠકના ગામમાંથી કોઈ પણ એક ગામ પસંદ કરીને ત્યાં યોજવામાં આવશે. કૃષિ મહોત્સવ અંતર્ગતસવારના ૮.૩૦ કલાક થી રાત્રિના ૯.૦૦ કલાક સુધી વિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં સવારના પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવશે. ત્યાર બાદ બપોરના ૩.૦૦ કલાકથી કેનાલ સાફ કરવાના, તળાવ ભરવા બાબતે, ટયુબવેલ શરૂ કરવા, જીજીઆરસીના કામો વગેરે સિંચાઈને સંબંધિત પરિસંવાદ યોજવામાં આવશે. બપોરના ૪.૦૦ કલાકેથી કૃષિ રથ ટીમ દ્વારા કૃષિ તેમજ અન્ય વિભાગને લગતાં -દર્શન, નિદર્શન અંગે માર્ગદર્શન તથા કિટનું વિતરણ કરવામાં આવશે. તે પછી સાંજના ૫.૦૦ કલાકે સ્થાનિક -ગતિશીલ ખેડૂતોના અનુભવોનું આદાન-દાન કાર્યક્રમ યોજાશે. ત્યાર બાદ કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને ઉપયોગી થાય તેવા વિષય પર ઝીણવટભરી માહિતી અપાશે. ખેડૂતોને મુંઝવતા -ની ઉંડાણપૂર્વક ચર્ચા કરાશે. સાંજના ૭.૦૦ કલાકે એપીએમસી અને બાગાયત નિષ્ણાતો દ્વારા હાઈટેક હોર્ટીકલ્ચર, બજાર વ્યવસ્થા તથા સ્થાનિક પાક અંગેનો ફિલ્મ શો રજૂ કરાશે. અંતમાં રાત્રિના ૮.૦૦ વાગ્યાથી સરકારની સહાય યોજનાઓની સમજ અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાનાર છે.

કૃષિ રથના દિવસે સોઈલ ન્યુટ્રીયન્ટ અને માઈક્રો ન્યુટ્રીયન્ટની દરેક ગામમાં ચર્ચા, મુખ્ય પાક લીધા પછી જે વેસ્ટ ખેતરોમાં બચે છે તેનો બાયોમાસ તરીકે ફરીથી ઉપયોગ કરવાની પધ્ધતિની સમજ, અને સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવશે.તેમજ અગાઉથી ખેડૂતોને કેવા બિયારણની જરૂર છે. તે જાણી લેવામાં આવશે. કૃષિ મહોત્સવની ઉજવણી દરમ્યાન ગુજરાત સીડ કોપોરેશન દ્વારા ખેડૂતોની માંગ અનુસાર બીજ મળી રહે તેવી અગાવી વ્યવસ્થા કરવામાં આવી છે. તે ઉપરાંત કૃષિ મહોત્સવમાં નાના અને સીમાંત ખેડૂતોને બાગાયત ખેતી તરફ વાળી અને નેટ હાઉસ તથા ગ્રીન હાઉસની તાલીમ આપવાનું અને પશુ ઘાસચારાની જરૂરિયાતને ધ્યાનમાં લઈ ડેરી સાથે સંલગ્ન કરી જરૂરિયાતને પહોંચી વળવાનું આયોજન કરવામાં આવનાર છે.

# લાગણી ભીના સંબંધોએ અમારા પરિવારને વટવૃક્ષ બનાવ્યો છે

**જાણીતા મહિલા અગ્રણી દિવ્યાબેન રાવલના ઘરે એક નહીં, બે નહીં, પાંચ-પાંચ વ્યક્તિઓ એવી છે જેઓ લોહીના સંબંધોથી જોડાયેલી ન હોવા છતાં વર્ષોથી સાથે જ એક પરિવારની જેમ રહે છે**

સંબંધ સજાવે જિંદગી
**દીકરી વ્હાલનો દરિયો**
- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

પ્રેમ અને લાગણી એવા તત્ત્વો છે, જેના થકી ગમે તે વ્યક્તિને જીતી શકાય છે, તેનો વિશ્વાસ સંપાદિત કરી શકાય છે. જો એકવાર વ્યક્તિ લાગણીથી જોડાઈ જાય પછી તે સંબંધો વર્ષોવર્ષ ટકી રહે છે. વર્ષોવર્ષ આવા સંબંધો ટકાવી રાખવામાં અને આ સંબંધોથી જોડાયેલા વ્યક્તિઓને ઘરમાં જ સ્થાન આપી પરિવારમાં ભેળવી દેવાનું કૌશલ્ય પૂર્વ ગૃહમંત્રી સ્વ. પ્રબોધ રાવલના ધર્મપત્ની દિવ્યાબેન રાવલે હસ્તગત કર્યું છે. તેની સાથે દસ વર્ષથી વધુ સમયથી રહેતા અને વિવિધ ફરજો બજાવતા વિશ્વાસુ વ્યક્તિઓની એક આખી ફૌજ છે.

ગુજરાતના રાજકારણમાં સક્રિય અને નોંધપાત્ર પ્રદાન કરનાર સ્વ. પ્રબોધ રાવલની કામગીરીનો વ્યાપ ખુબ વધુ હતો. તેવી જ રીતે તેમના



ધર્મપત્ની દિવ્યાબેન રાવલ સમાજસેવા ક્ષેત્રે આગવી નામના ધરાવે છે. મહિલા ઉત્કર્ષ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર દિવ્યાબેન રાવલ તેમના ૠજુ અને પ્રેમાળ સ્વભાવના કારણે તેમના સ્ટાફમાં ખુબ લોકપ્રિય છે. તેમના નિવાસસ્થાને અને ઓફિસમાં જે વ્યક્તિઓ વિવિધ કામગીરી બજાવે છે તેઓ દિવ્યાબેન માટે માત્ર સ્ટાફ નથી, એક પરિવાર છે, અને સામા પક્ષે તેમનો સ્ટાફ પણ તેમનું, તેમના ઘરનું અને પરિવારનું એટલા જ મનથી ધ્યાન રાખે છે.

દિવ્યાબેન કહે છે કે દરેક વ્યક્તિમાં એક સારું તત્ત્વ હોય છે. તેને ઓળખીને તે તત્ત્વને પ્રોત્સાહન આપવાથી વ્યક્તિ કામમાં તો પાવરધો બને જ છે, સાથે સાથે તે લાગણીથી જોડાયો જાય છે. આજકાલ ડ્રાઈવર, રસોઈયા જેવા માણસો બે-ચાર વર્ષ પણ ટકતા નથી તેવી ફરિયાદ ખુબ સાંભળવા મળે છે. ત્યારે અમારે ત્યાં રહેતા ભગવાનદાસ 'ભગુભાઈ' છેલ્લા ૩૨ વર્ષથી અમારી સાથે જોડાયેલા છે. રાજસ્થાનથી શરૂઆતના દિવસોમાં અહીં આવેલા 'ભગુભાઈ' પહેલાં ઘરનું નાનુ-મોટુ કામ સંભાળતા. તે પછી ધીમે ધીમે 'રસોડું' સંભાળી લીધું. આજે તેઓ ચાઈનીઝ, પંજાબી, રાજસ્થાની



જેવી વિવિધ વાનગીઓ બનાવે છે. મારી બે દીકરીઓ વિદેશમાં રહે છે. તેઓ અહીં આવે ત્યારે રસોઈમાં શું મિષ્ઠાન બનશે, શું ફરસાણ બનશે તેવી કોઈ સૂચના 'ભગુભાઈ' ને આપવી જ ન પડે. તેઓ દરરોજ નીતનવી વાનગીઓ બનાવી દીકરીઓને પ્રેમથી જમાડે. ભગુભાઈની દીકરીના લગ્ન રાજસ્થાનમાં ગોઠવાયા ત્યારે મારો પૌત્ર દેવરાજ આખા પરિવારને લઈને રાજસ્થાન ગયો હતો અને તેણે આખો પ્રસંગ સંભાળ્યો હતો. મારો પૌત્ર ક્રિકેટનો ખુબ શૌખિન છે અને ભગુભાઈ પણ... દેવરાજ બહાર હોય તો ક્રિકેટમાં શું સ્કોર થયો તે પૂછવા પણ 'ભગુભાઈ' ને જ ફોન કરે. ભગુભાઈએ ઉત્તરાયણ પર બનાવેલો 'ખીચડો' તો પ્રબોધભાઈ રાવલના આખા પરિવારમાં ખુબ વખણાય. ગળ્યો અને તીખો ખીચડો ઉત્તરાયણના દિવસે વહેલી સવારે બનાવી અમારા પરિવારના દરેક ઘરે પહોંચાડવાનું કામ ભગુભાઈ વર્ષોથી કરે છે. એકાદ વર્ષ હું વિદેશ હતી ત્યારે ઘરમાં 'ખીચડો' ન બન્યો ત્યારે સગા-સંબંધીઓએ ફોન કરી પૂછ્યું. 'કાં આ વર્ષે ખીચડો ન મોકલાવ્યો.' ભગુભાઈ ઘરનું - ધ્યાન રાખે સાથે જ મારી તબીયત જરાક ખરાબ હોય તો ખુબ સેવા ચાકરી કરે. તેમના જેવો વિશ્વાસુ માણસ આજના સમયમાં મળવો મુશ્કેલ છે.

કૌટુંબિક કંકાસના કારણે નારીગૃહમાં રહેવા આવનાર કોકીલાબેન પરભર થવા માટે કોઈ કામ શોધતા હતા. તેને દિવ્યાબેન ઘરે લઈ આવ્યા અને ઘરની થોડીક જવાબદારી સોંપી દીધી. આજકાલ કરતાં કોકીલાબેનને પણ ૧૨ વર્ષથી વધુનો સમય થઈ ગયો છે. ભગુભાઈની સાથે દૈનિક રસોઈની જવાબદારી હવે કોકીલાબેન સંભાળે છે. દિવ્યાબેનનો પુત્ર અને જાણીતા અભિનેતા ચેતનભાઈ રાવલ અને તેમના પત્ની જાણીતા અભિનેત્રી ડાયનાબેન રાવલ અમદાવાદ રહે છે. તેમની સાથે ડ્રાઈવર નટવરલાલ પ્રજાપતિ રહે છે. તેઓ પણ ૩૦ વર્ષથી રાવલ પરિવાર સાથે છે. અહીં ગાંધીનગરમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા નટુભાઈ વાઘેલા અને ઓફિસના કર્મચારી ગુણવંતભાઈ મારવાડી પણ છેલ્લા દોઢ દાયકાથી રાવલ પરિવાર સાથે લાગણી ભીના સંબંધે જોડાયેલા છે. દિવ્યાબેન કહે છે કે આ બધા જ મારી સાથે હોવાથી દીકરી-દીકરીઓને ખુબ નિરાંત છે. મારા દીકરા-દીકરી વિદેશથી આવે અથવા બહાર ગામ જાય તો આ બધા માટે કંઈને કંઈ વસ્તુ લેતા જ આવે. તેમના પરિવારમાં કંઈ પણ સારો-માઠો પ્રસંગ હોય તો દીકરા-દીકરીઓ હાજરી તો આપે જ સાથે જ જવાબદારી પણ સંભાળે. એટલે જ હું ગર્વથી કહું છું, 'વી આર ફેમીલી.'

## યુવા સાહિત્યકારોની કાર્ય શિબિરમાં ભાગ લેવા જોગ

રાજયના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા ટુંકી વાર્તાલેખન કાર્ય શિબિરમાં જોડાવા માંગતા હોય તેવા યુવા સાહિત્યકારો માટે આગામી મે માસના ત્રીજા સપ્તાહમાં કાર્ય શિબિર યોજાનાર છે. આ શિબિરમાં ખ્યાતનામ સાહિત્યકારોની રાહબરી હેઠળ એક અઠવાડિયા માટે ગુજરાતના અનુકૂળ સ્થળે આ કાર્યશિબિર યોજવામાં આવશે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક સાહિત્યકારોએ સાદા કાગળમાં પોતાની સંપૂર્ણ નકલની કૃતિ, પાસપોર્ટ , સાઈઝના ફોટા સાથે તા. ૩૦મી એપ્રિલ સુધી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓને અરજી મોકલવી. આ અરજીઓમાંથી ૨૫ નવોદિત શિબિરાર્થીઓની પસંદગી કરવામાં આવશે.